## નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

## સાફલ્યગાથા તા.૦૧/૦૨/૨૦૨૧ થી ૦૭/૦૨/૨૦૨૧

| કચેરી/ શાખા | કચેરી કામગીરીની વિગત |
|---|---|
| ચીખલી પોસ્ટે પોલીસ અધિકારી/ કર્મચારીઓ | ચીખલી પોસ્ટે પાર્ટ-સી ગુ.ર.નં ૧૧૮૨૨૦૦૯૨૧૦૨૨૮/૨૦૨૧ પ્રોહી એકટ કલમ-૬૫એઈ, ૮૧, ૯૮(૨),૧૧૬(૨) મુજબ જેથી સદરહુ પકડાયેલ આરોપી પોતાના કબ્જાની ટાટા કંપની નો ૪૦૭ ટેમ્પો જેનો રજી નંબર GJ-07-X-3221 માં ભારતીય બનાવટની વ્હીસ્કીની નાની મોટી બાટલીઓ તથા ટીન બીયર મળી કુલ્લે નંગ-૧.૦૬૮ જેની કુલ્લે કી.રૂ.૧,૨૭,૨૦૦/- નો પ્રોહી મુદામાલ તથા ટેમ્પાની કિ.રૂ.૩,૦૦,૦૦૦/- અને એક મોબાઇલ ફોનની કિ.રૂ.૫૦૦૦/- મળી કુલ્લે રૂપિયા-૪,૩૨,૦૦૦/- નો મુદામાલ વગર પાસ પરમીટે વહન કરી લઇ આવતાં તહો નં.-(૧) નાઓ જગ્યા ઉપર પકડાઇ ગયેલ તથા વોન્ટેડ આરોપી નં-(૨) વિમલ પટેલ તથા (૩) રાકેશ ધો.પટેલ નાઓ ટેમ્પાનુ લાલ કલરની હુન્ડાઇ આઇ-૧૦ કાર પાયલોટીંગ કરતા હોય અને ઇગ્લીશ દારૂનો જથ્થો ભરી આપનાર વોન્ટેડ આરોપીનં-(૨) ) વિમલ તથા વોટેંડ આરોપી નં (૪) એક અજાણ્યો ઇસમ તથા ઇગ્લીશ દારૂનો જથ્થો ભરી આપી આરોપીઓને વોન્ટેડ જાહેર કરી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય વિગેરે બાબત. |
| જલાલપોર પોસ્ટે પોલીસ અધિકારી/ કર્મચારીઓ | જલાલપોર પો.સ્ટે. પાર્ટ બી-૧૧૮૨૨૦૧૫૨૧૦૦૯૦ જુગારધારા કલમ ૧૨ મુજબ તે એવી રીતે છે કે આ કામના આરોપી મોજે,ચીજગામ, પિત્યા ફળીયા પાસે રામેશ્વર મહાદેવ મંદીર ની પાછળ ખુલ્લી જગ્યામાં જાહેરમા ગોળ કુંડાળુ વળી હારજીતનો તીન પત્તીનો જુગાર રમતાં રમાડતાં પકડાઇ ગયેલ હોઇ તેમજ તેમની અંગ ઝડતી તપાસ દરમ્યાન કુલ્લે રૂ.૯૧૯૦/- તથા દાવ ઉપરના રોકડા રૂપિયા ૬૨૧૦/- મળી રોકડા રૂ. ૧૫,૪૦૦/- તથા મો.સા તથા મોબાઇલ સાથે જુગારનાં મુદામાલ સાથે રૂપિયા ૧,૦૬,૯૦૦/-ના મુદ્દામાલ સાથે છ ઇસમો પકડાઇ જઇ ગુનો કરેલ હોય વિગેરે બાબત |



પ્રેસનોટ તા.૦૨/૦૨/૨૦૨૧

ડાક મર્ડર તેમજ આર્મ્સ એક્ટના ગુનામા નાસતા ફરતા આરોપીને મહારાષ્ટ્રથી ઝડપી લેતી વાંસદા પોલીસ ટીમ

મે.પોલીસ અધિક્ષકશ્રી નવસારી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબનાઓની સુચના મુજબ તથા મે. I/C નાયબ પોલીસ અધિક્ષક સાહેબ શ્રી આર ડી ફળદુ સાહેબ નવસારી વિભાગ નવસારી તેમજ I/C સર્કલ પોલીસ ઇન્સપેક્ટર એમ બી શકોડ સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓને પકડવા અંગેની ડ્રાઇવ ચાલુ હોય જેથી નાસતા ફરતા આરોપીઓને પકડવા સુચના આપવામાં આવેલ જે અનુસંધાને સીનીયર પોલીસ સબ ઇન્સપેક્ટર વિરેન્દ્રસિંહ એન વાઘેલા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ થયેલ કાર્યવાહી મુજબ

નાસતા ફરતા આરોપીને પકડવા અંગેની ડ્રાઇવ અનુસંધાને નાસતા ફરતા આરોપીને પકડવા સારૂ વાંસદા પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ અનિલભાઇ લક્ષ્મણભાઇ તથા પો.કો. જીગ્નેશભાઇ ચંદુભાઇ એ રીતેના પોલીસ સ્ટાફની ટીમ કોપરગાંવ શહેર તા.કોપરગાંવ જી અહમદનગર (મહારાષ્ટ્ર) ખાતે ગયેલ દરમ્યાન ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે સદર આરોપી મહારાષ્ટ્ર રાજ્યમા અનેક ગુનાઓ આચરેલા છે જેથી સ્થાનિક પોલીસની મદદ લઇ ગુનાના કામે નાસતો ફરતો આરોપી દેવીદાસ ઉર્ફે દેવો રંગનાથ લોખંડે રહે. તીનચારી કોકમઠાન તા.કોપરગાંવ જી.અહમદનગર (મહારાષ્ટ્ર) નાઓ ઘરે હાજર હોય અને નાસતા ફરતા આરોપી પકડવાની ડ્રાઇવ ચાલતી હોય જેથી વોચમાં રહી તીનચારી કોકમઠાન તા.કોપરગાંવ જી.અહમદનગર (મહારાષ્ટ્ર) થી વાંસદા પો.સ્ટે લાવી પ્રાથમિક પુછપરછ કરી કોવિડ-૧૯ ટેસ્ટ કરાવી આજરોજ વિધિસર અટક કરવા કાર્યવાહી ચાલુ છે.

જે ગુનાની તપાસ I/C સર્કલ પોલીસ ઇન્સપેક્ટર એમ.બી.શકોડ સાહેબ સાહેબ નાઓ કરી રહેલ છે. તેમજ પકડાયેલ નાસતા ફરતો આરોપી-દેવીદાસ ઉર્ફે દેવો રંગનાથ લોખંડે વિરૂધ્ધમા મહારાષ્ટ્ર રાજ્યમા કોપરગાંવ પોલીસ સ્ટેશનમા નીચે મુજબના ગુનાઓ દાખલ થયેલ છે.

(૧) ફસ્ટ ગુ.ર.નં. ૨૩૩/૨૦૧૨ ઇપીકો કલમ ૩૦૭,૪૦૧ મુજબ
(૨) ફસ્ટ ગુ.ર.નં. ૪૪૧/૨૦૧૪ ઇપીકો કલમ ૩૦૫,૩૪ મુજબ
(૩) ફસ્ટ ગુ.ર.નં. ૩૧૬/૨૦૧૩ ઇપીકો કલમ ૩૯૪ મુજબ
(૪) ફસ્ટ ગુ.ર.નં. ૪૭/૨૦૧૫ ઇપીકો કલમ ૩૫૩ મુજબ
(૫) ફસ્ટ ગુ.ર.નં. ૪૪/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૪,૧૪૩ મુજબ
(૬) સેકન્ડ ગુ.ર.નં. ૨૧૦/૨૦૧૭ ઇપીકો કલમ ૫૦૪,૫૦૬ મુજબ
(૭) સેકન્ડ ગુ.ર.નં. ૨૧૨/૨૦૧૭ ઇપીકો કલમ ૫૦૪,૫૦૬ મુજબ



## પ્રેસનોટ તા.૦૬/૦૨/૨૦૨૧

### છેલ્લા ૭ વર્ષથી જલાલપોર પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા-ફરતા બે આરોપીઓને ડિટેઇન કરતી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડ નવસારી

પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ નવસારી વિભાગ, નવસારી નાઓએ હાલમાં પોલીસ મહાનિર્દેશકશ્રી સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલ્વેઝ ગુ.રા.ગાંધીનગર નાઓની કચેરી તરફથી નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટેની ઝુંબેશ હાલમાં ચાલુ હોય જે ઝુંબેશ અનુસંધાને નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીની ધરપકડ કરવા અંગે જરૂરી સુચના આપેલ.

જે આધારે પો.સ.ઇ. એમ.જી.પાટીલ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી. નવસારી તથા એ.એસ.આઇ. વિજયસિંહ દલપતસિંહ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી નવસારી, વુ.એ.એસ.આઇ. તેજલબેન મોહનભાઇ તથા હે.કો.નીતિનભાઇ ચતીકભાઇ બંને નોકરી એલ.સી.બી. નવસારી નાઓ સાથે મહારાષ્ટ્ર રાજ્ય ખાતે નાસતા-ફરતા આરોપી પકડવા સારૂ ગયેલ હતા. તેમજ ટેકનિકલ એનાલીસીસ માટે અ.પો.કો. સંદીપભાઇ પીતાભાઇ તથા અ.પો.કો. મહેશભાઇ રામજીભાઇ નાઓ પણ મદદમાં હતા. દરમ્યાન હ્યુમન સોર્સિસ તથા ટેકનિકલ એનાલીસીસની મદદથી બાતમી હકીકત મળેલ કે, જલાલપોર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૩૬/૨૦૧૩ ઇ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબના ગુનાના કામના આરોપી બેન (૧) રશ્મીતાબેન વા/ઓ સંતોષભાઈ દલપતભાઈ રાઠોડ મુળ રહે. સીમળગામ મહાલવંશી મોહલ્લો તા.જલાલપોર જી.નવસારી હાલરહે. કોસંબા કુવાદાગામ વસંત રબરની ફેકટરીની ચાલીમાં તા.કામરેજ જી.સુરત રહે છે તથા તેના સસરા આરોપી નં.(૨) દલપતભાઇ નાનીયાભાઇ રાઠોડનાઓ ગોવિંદનગર શેઠ ચાલીયાની ચાલ, પોદાર સ્કુલની સામે, મલાડ ઇસ્ટ મુંબઇ ખાતે પોતાની દિકરી દમયંતીબેનના ઘરે રહે છે.

જે મળેલ બાતમી હકીકત આધારે કોસંબા સુરત ખાતે જઇ તપાસ કરતા આરોપી બેન નં.(૧) રશ્મીતાબેન વા/ઓ સંતોષભાઈ દલપતભાઈ રાઠોડ ઉ.વ.૩૨ મુળરહે. સીમળગામ મહાલવંશી મોહલ્લો તા.જલાલપોર જી.નવસારી હાલરહે. કોસંબા કુવાદાગામ વસંત રબરની ફેકટરીની ચાલીમાં તા.કામરેજ જી.સુરત નાની કોસંબા સુરત ખાતેથી મળી આવતા તેમજ મુંબઇ મહારાષ્ટ્ર ખાતેથી આરોપી નં.(૨) દલપતભાઇ નાનીયાભાઇ રાઠોડ ઉ.વ.૭૦ મુળરહે. જલાલપોર સીમળગામ, હરીજનવાસ તા.જલાલપોર જી.નવસારી હાલરહે. ગોવિંદનગર શેઠ ચાલીયાની ચાલ, પોદાર સ્કુલની સામે, મલાડ ઇસ્ટ મુંબઇ ખાતેથી મળી આવતા ઉપરોક્ત બંને આરોપીઓ નાસતા-ફરતા હોવા અંગે જલાલપોર પો.સ્ટે.માં ખાતરી કરતા તેઓ બંને ઉપરોક્ત ગુનામાં છેલ્લા ૭ વર્ષથી નાસતા-ફરતા હોવાનું જણાઇ આવતા બંને આરોપીઓનેક ડિટેઇન કરી બંને આરોપીઓને આગળની વધુ કાર્યવાહી અર્થે જલાલપોર પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.

## પ્રેસ નોટ તા.૦૪/૦૨/૨૦૨૧

### મહારાષ્ટ્ર દોડાઈચા પો.સ્ટે. ખાતે ચોરીમાં વપરાયેલ કાર કબ્જે કરતી નવસારી એસ.ઓ.જી.ટીમ

નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ સાહેબ નાઓએ એસ.ઓ.જી ધારેર મુજબના કેસો કરવા આપેલ સુચના આધારે નવસારી એસ.ઓ.જી.પોલીસ ઇન્સપેક્ટરશ્રી નાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય જે આધારે

તા.૦૪/૦૨/૨૦૨૧ના રોજ એ.એસ.આઈ.કિશોરભાઈ ગુલાબભાઈ તથા આધારે અ.હે.કો.દિનેશભાઇ ફુલજીભાઇ તથા અ.પો.કો. કિરણકુમાર દિનેશભાઇનાઓ સાથે નવસારી ટાઉન પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન એ.એસ.આઈ. કિશોરભાઈ ગુલાબભાઈ તથા પો.કો. કિરણકુમાર દિનેશભાઇ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે, મહારાષ્ટ્ર દોડાઈચા પો.સ્ટે. ખાતે ચોરીના ગુનામાં વપરાયેલ એક બ્લુ કલરની ડેટસન કાર નંબર MH-02-EK-2195 ની નવસારી શહેર વિસ્તારમાં ફરે છે. જે અંગે મળેલ બાતમી હકીકત આધારે નવસારી શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન નવસારી કરીશ્મા ગાર્ડન પાસે ખુલ્લા મેદાનમાં ઉપરોક્ત બાતમી હકીકતવાળી કાર મળી આવેલ જેથી પોકેટ કોપ મોબાઇલ એપ્લીકેશનમાં સર્ચ કરતા માલીક અંગે ખરાઈ કરવામાં આવેલ ત્યાર બાદ મહારાષ્ટ્ર દોડાઈચા પો.સ્ટે. ખાતે ખાતરી કરતા દોડાઈચા પો.સ્ટે.માં ફસ્ટ ગુ.ર.નં-૧૮૪/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯,૫૧૧,૩૪ મુજબના ગુનાના કામે વપરાયેલ હોવાની હકીકત જાણવા મળેલ જેથી સદર મુદામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદર મુદામાલ બાબતે મહારાષ્ટ્ર દોડાઈચા પો.સ્ટે. ટેલીફોન વર્દી આધારે જાણ કરવા તજવીજ કરેલ છે.



## પ્રેસનોટ તા.૦૨/૦૨/૨૦૨૧

### છેલ્લા ૨ વર્ષથી વલસાડ સીટી પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ડિટેઇન કરતી એલ.સી.બી. નવસારી

પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ નવસારી વિભાગ, નવસારી નાઓએ હાલમાં પોલીસ મહાનિર્દેશકશ્રી સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલ્વેઝ ગુ.રા.ગાંધીનગર નાઓની કચેરી તરફથી નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટેની ઝુંબેશ હાલમાં ચાલુ હોય જે ઝુંબેશ અનુસંધાને નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીની ધરપકડ કરવા અંગે વી.એસ.પલાસ પોલીસ ઇન્સપેક્ટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે આધારે પો.સ.ઇ. એમ.જી.પાટીલ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી., તથા એ.એસ.આઇ. કલ્યાણભાઇ રામભાઇ, એ.એસ.આઇ. સુનીલસિંહ દેવીસિંહ, અ.હે.કો. મહેન્દ્રસિંહ જગતસિંહ તમામ નોકરી એલ.સી.બી. નવસારી તથા એ.એસ.આઇ. વિજયસિંહ દલપતસિંહ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી નવસારી નાઓ સાથે એલ.સી.બી. કચેરી ખાતે હાજર હતા. દરમ્યાન એ.એસ.આઇ. કલ્યાણભાઇ રામભાઇ તથા એ.એસ.આઇ. સુનીલસિંહ દેવીસિંહ નાઓને તેમના ખાનગી બાતમીદાર મારફતે હકીકત મળેલ કે, વલસાડ સીટી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૪/૨૦૧૦ ઇપીકો કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબના ગુનાના કામનો આરોપી મહંમદ હનીફ રશીદ કયાત રહે. વેસ્માગામ, નુરાનીનગર (ખોડવલ્લી), તા.જલાલપોર જી.નવસારી નાનો હાલ પોતાના ઘરે આવેલ છે અને તેણે શરીરે સફેદ કલરનો ફુલ બાયનો શર્ટ તથા કમરે બ્રુરા કલરનો જીન્સનો પેન્ટ પહેરેલ છે. જે મળેલ બાતમી હકીકત આધારે બાતમી હકીકતમાં જણાવેલ જગ્યાએ જઇ તપાસ કરતા ઉપરોક્ત બાતમી હકીકતમાં જણાવેલ વર્ણનવાળો એક ઇસમ મળી આવતા તેના નામઠામની ખાતરી કરી વધુ પુછપરછ માટે નવસારી એલ.સી.બી કચેરી ખાતે લઇ આવી આરોપી મહંમદ હનીફ રશીદ કયાત ઉ.વ.૫૨ રહે. વેસ્માગામ, નુરાનીનગર (ખોડવલ્લી), તા.જલાલપોર જી.નવસારી નાનો નાસતો-ફરતો હોવા અંગે વલસાડ સીટી પો.સ્ટે.માં ખાતરી કરતા તે વલસાડ સીટી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૪/૨૦૧૦ ઇપીકો કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી મુજબના ગુનામાં છેલ્લા ૨ વર્ષથી નાસતો-ફરતો હોવાનું જણાઇ આવતા આજરોજ તા.૦૨/૦૨/૨૦૨૧ ના કલાક ૧૩/૦૦ વાગે ડિટેઇન કરી આગળની વધુ કાર્યવાહી અર્થે નવસારી રૂરલ પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.



**પ્રેસ નોટ તા.૦૪/૦૨/૨૦૨૧**

**અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન ગુનામાં છેલ્લાં પાંચ માસથી વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી નવસારી એસ.ઓ.જી.ટીમ**

નવસારી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષીકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ સાહેબ નાઓએ નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી એસ.ઓ.જી. નવસારીનાઓએ જરૂરી માર્ગદર્શન આપેલ હોય જે આધારે

તા.૦૪/૦૨/૨૦૨૧ના રોજ એ.એસ.આઈ.કિશોરભાઈ ગુલાબભાઈ અ.હે.કો દિનેશભાઇ ફુલસીંગભાઇ તથા અ.હે.કો. ઋષીકુમાર કાંતિલાલ તથા અ.પો.કો. કિરણકુમાર દિનેશભાઈ નાઓ નવસારી જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગે પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન અ.હે.કો. દિનેશભાઈ ફુલસિંગભાઈ તથા અ.પો.કો. કિરણકુમાર દિનેશભાઈ નાઓને મળેલ બાતમી હકિકત આધારે અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં ૧૧૧૯૯૦૦૪૨૦૧૩૪ ઈ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ મુજબના કામનો વોન્ટેડ આરોપી અઝીમ એઝાઝ લાખાણી રહે. ૧૦૩, અમ્માર એપાર્ટમેન્ટ દસ્તુરવાડ તા.જી.નવસારી નો નવસારી કરિશ્મા ગાર્ડન ખુલ્લી જગ્યા ખાતેથી મળી આવતાં આરોપીને સી.આર.પી.સી. ૪૧(૧) આઈ મુજબ ડીટેન કરી આગળની કાર્યવાહી માટે નવસારી ટાઉન પો.સ્ટે. ખાતે સોંપેલ છે.


અઝીમ એઝાઝ લાખાણી

નવસારી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે મહિલા સુરક્ષા સમિતિની મિટિંગ રાખવામાં આવેલ જેમા મહિલા સુરક્ષાસમિતીની બહેનો ઉપસ્થિત રહેલ. મહિલા સબંધી કાયદા અને હક્ક ની જાણકારી આપતા પેમ્પલેટ વહેંચવામા આવ્યા













# લોકલ ક્રાઇમ બ્રાન્ચ નવસારી

E-Mail add: - lcb-sp-nav@gujarat.gov.in

ભારતીય બનાવટના વિદેશી દારૂ વ્હીસ્કી તથા ટીન બીયરની બાટલીઓ નંગ-૧૦૬૮ કિં.રૂ.૦૧,૨૭,૨૦૦/- ના મુદ્દામાલ સાથે એક આરોપીને ડીટેઇન કરતી નવસારી એલ.સી.બી



## પ્રેસ નોટ તા.૦૧/૦૨/૨૦૨૧

### નવસારી જીલ્લાના નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના કેસમાં નાસતો ફરતો આરોપીને પકડી પાડતી નાસતા ફરતા સ્કોડ નવસારી

અત્રેના નવસારી જીલ્લાના તથા બહારનાં જીલ્લાના નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે ઋષિકેશ ઉપાધ્યાય પોલીસ અધિક્ષકશ્રીનાઓ તથા શ્રી નાયબ પોલીસ અધિક્ષકશ્રી નવસારી વિભાગ નવસારી નાઓએ વી.એસ.પલાસ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી નવસારી તેમજ શ્રી એમ.જી.પાટીલ પો.સબ.ઇન્સ. પેરોલ ફર્લો સ્કોડ નવસારીનાઓએ આપેલ જરૂરી સુચના અને માર્ગદર્શન અનવ્યે

જે અન્વયે આજરોજ તા.૦૧/૦૨/૨૦૨૧ ના રોજ નાસતા ફરતા સ્કોડના પોલીસ માણસો એ.એસ.આઇ નઇમખાન ડોસખાન પઠાણ, અ.હે.કો. જગતસિંહ મનુભા તથા અ.હે.કો. નિલેશભાઇ અરવિંદભાઇ, પો.કો.અર્જુનભાઇ હર્ષદભાઇ, પો.કો.રોહીતભાઈ ભગીરથભાઈ, તથા એલ.આર.પો.કો. રજનીકાંત નાનુભાઈ તમામ નોકરી હલ નાસતા ફરતા સ્કોડ નવસારીનાઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો. જગતસિંહ મનુભા તથા પો.કો.રોહીતભાઈ ભગીરથભાઈ નાઓને સયુકત રીતે બાતમી હકિકત મળેલ કે, નવસારી રૂરલ પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં.૬૦૨/૨૦૧૯ પ્રોહી એકટ કલમ ૬૫એ,ઇ, ૧૧૬(૨), ૮૧, ૯૮ (૨) મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી હિરેન ઉર્ફે હિલું s/o દિપકભાઇ ઉર્ફે પીરૂભાઇ પટેલ રહે. નાની કોળી વાડ કિકરલા ગામ ઉદવાડા તા.પારડી જી.વલસાડ નાનો તેના ઘરે આવેલ છે જે મળેલ હકિકત આધારે મજકુરની તેના ઘરે તપાસ કરતા તે ઘરે મળી આવતા તેને વધુ પુછપરછ કરી ખાત્રી કરવા માટે નવસારી ખાતે લઇ આવી નવસારી રૂરલ પો.સ્ટે.માં નાસતો ફરતો હોવા અંગે તપાસ કરતા મજકુર નવસારી રૂરલ પો.સ્ટે.ના ઉપરોકત ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો હોવાનો જણાય આવતા તેને આજરોજ કલાક ૧૩/૩૦ વાગે ડીટેઇન કરી આગળની ઘટતી કાર્યવાહી માટે આરોપીને નવસારી રૂરલ પો.સ્ટેને સોંપવા તજવીજ કરેલ છે.

